

॥શ્રીસ્વામિનારાયણોવિજયતેતરામ્॥

# ॥ શ્રીઅમદાવાદ - વચનામૃતમ્ ॥

સંવત્ ૧૮૮૨ના મહાવદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીઅમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિરમાં આથમણી કોરે મુખારવિંદ કરીને વિરાજમાન હતા, ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને કંઠને વિષે ગુલાબના પુષ્પના હાર વિરાજમાન હતા, ને કાનની ઉપર ગુલાબના પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા, ને પાઘને વિષે ગુલાબના પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સભામાં શ્રીજીમહારાજ અંતર સામી દૃષ્ટિ કરીને વિરાજમાન હતા. પછી નેત્રકમળને ઉઘાડીને સર્વે સામું જોયું પછી એમ બોલ્યા જે, ''અમારે એક ધ્યાનના અંગની વાર્તા કરવી છે, તે વાર્તા મોક્ષધર્મને વિષે પણ કહી છે, અને જે મોટામોટા એ ધ્યાને કરીને સિદ્ધદશાને પામ્યા છે તે પણ અમે ઘણાક દીઠા છે ને અમારા પણ અનુભવમાં એમ વર્તે છે જે, અનંત પ્રકારનાં ધ્યાન છે, પણ જે આ વાત કહેવી છે તેની બરોબર બીજું કોઈ ધ્યાન થાય નહિ,

જેમ કોઈ ચમત્કારી મંત્ર હોય અથવા ચમત્કારી ઔષધી હોય તેમાં સ્વાભાવિક જ ચમત્કાર રહ્યો છે, તેમ જે આ ધ્યાન અમારે કહેવું છે તે ધ્યાનમાં પણ એવો સ્વાભાવિક ચમત્કાર છે જે તત્કાળ સિદ્ધદશાને પામી જાય. હવે તે વાર્તા કરીએ છીએ, એ જે ધ્યાનનો કરનારો છે તેને જમણા નેત્રમાં સૂર્યનું ધ્યાન કરવું ને ડાબા નેત્રમાં ચંદ્રનું ધ્યાન કરવું, એવી રીતે ધ્યાન કરતાં કરતાં સૂર્ય ને ચંદ્રમા જેવા આકાશમાં છે તેવા ને તેવા જ નેત્રમાં દેખાવા માંડે ત્યારે જમણું નેત્ર છે તે તપવા માંડે ને ડાબું નેત્ર છે તે ઠરવા માંડે, ત્યારે સૂર્યની ધારણા ડાબા નેત્રમાં કરવી ને ચંદ્રની ધારણા જમણા નેત્રમાં કરવી. એવી રીતે ધારણા કરીને પછી સૂર્યને ને ચંદ્રને અંતર્દૃષ્ટિ કરીને હૃદયાકાશમાં જોયા કરવા. અને જોનારો જે પોતાનો જીવ તેના રૂપને પણ દેખવું અને દેખનારો જે જીવાત્મા તેને વિષે પરમાત્માનું ધ્યાન કરવું. પછી તેનું જે વાસનાલિંગ દેહ છે, તે જેમ રેંટનો ફાળકો ફરે તેમ આકાશને વિષે ફરતું જણાય, પછી એવી રીતે ધ્યાન કરતાં થકાં ભગવાનનું જે વિશ્વરૂપ છે તેનું દર્શન તેને થાય છે ને તે રૂપને વિષે ચૌદે લોકની રચના છે તે દેખાઈ આવે છે. અને તે સ્વરૂપ અતિશે મોટું પણ નથી દેખાતું. જેમ વટપત્રશાયી ભગવાન એક વડના પત્રમાં નાના બાળક થઈને પોઢ્યા હતા અને તે જ ભગવાનના ઉદરને વિષે માર્કંડેય ઋષિએ સમગ્ર બ્રહ્માંડ દીઠું. એવી રીતે ભગવાનનું ધ્યાન કરતાં થકાં જેટલાં કાંઈ શાસ્ત્રમાં પદાર્થ કહ્યાં છે, તે સર્વે એની દૃષ્ટિમાં આવે છે ત્યારે એના જીવાત્માને વિષે જે કાંઈક નાસ્તિક ભાવ રહ્યો હોય તે મટી જાય છે. અને તેનો જીવ અતિ બળીયો થાય છે. અને જે જે શાસ્ત્રમાં કહ્યું છે તે સર્વે સત્ય છે એવી એને દૃઢ પ્રતીતિ આવે છે, અને અણિમાદિક અષ્ટ સિદ્ધયો તે પણ એ ધ્યાનના કરનારાને આવીને હાજર થાય છે. અને જ્યાં લગણ સૂર્યની ને ચંદ્રની કિરણ પહોંચતી હોય ત્યાં લગી તેની દૃષ્ટિ પહોંચે એવી અનંત સિદ્ધિઓ પ્રકટે છે, પણ પરમેશ્વરનો ભક્ત છે માટે કોઈ સિદ્ધિયોને ગ્રહણ કરતો નથી. કેવળ પરમેશ્વરનું જ ધ્યાન કરે છે, ત્યારે એ ધ્યાનનો કરનારો નારદ સનકાદિક શુકજીના સરખી સિદ્ધદશાને પામે છે. માટે અનંત પ્રકારનાં ધ્યાન છે પણ તત્કાળ સિદ્ધદશાને પમાડે એવું તો એ જ ધ્યાન છે.''

એટલી વાર્તા કરી રહ્યા ત્યારે મુક્તાનંદસ્વામીએ પુછ્યું જે, એવું ધ્યાન તે અષ્ટાંગયોગને માર્ગે કરીને પ્રાણાયામ કરતો હોય તેને જ સિદ્ધ થાય છે કે બીજાને પણ થાય છે ?'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''પ્રાણાયામવાળાનો કાંઈ મેળ નથી, એ તો જો એવા ધ્યાનનો અભ્યાસ કરે ને તે પરમેશ્વરનો એકાંતિક ભક્ત હોય તો તેને જ એ ધ્યાન સિદ્ધ થાય છે, પણ બીજા જીવ થકી તો એ માર્ગને વિષે ચલાતું જ નથી. માટે એ ધ્યાનના જે અધિકારી છે તેને તો કહ્યું એવું જે એ ધ્યાન તે થકી બીજો તત્કાળ સિદ્ધ થયાનો ઉપાય નથી.'' **ઇતિ વચના.॥૧॥૨૨૧॥**

સંવત્ ૧૮૮૨ ના ફાગણ શુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિર આગળ વેદિને વિષે પાટ ઉપર ગાદી તકીયા નંખાવીને વિરાજમાન હતા, અને ધોળો ખેસ પહેર્યો હતો, ને ધોળી ચાદર ઓઢી હતી, ને મસ્તકને વિષે ગુલાબી રંગનો ફેંટો બાંધ્યો હતો, ને તે પાઘને વિષે ગુલાબના પુષ્પના તોરા ઝુકી રહ્યા હતા, ને કાનને ઉપર ગુલાબના બે ગુચ્છ ખોસ્યા હતા, ને કંઠને વિષે ગુલાબના પુષ્પના હાર પહેર્યા હતા, ને બે ભુજને વિષે ગુલાબના બાજુબંધ બાંધ્યા

www.jayswaminarayan.org
www.bhujmandir.org

હતા, ને બે હાથને વિષે ગુલાબના પુષ્પના ગજરા પહેર્યા હતા, એવી રીતે સર્વે અંગમાં ગુલાબના પુષ્પે ગરકાવ થયા હતા, અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ સર્વે પરમહંસ પ્રત્યે બોલ્યા જે, એક પ્રશ્ન પુછું છું જે, "એક પરમેશ્વરનો ભક્ત છે તે તો જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ તે થકી પર વર્તે છે ને મલિન રજ, તમ ને મલિન સત્ત્વ તેનો ત્યાગ કરીને શુદ્ધ સત્ત્વમય વર્તે છે ને એવો થકો પરમેશ્વરને ભજે છે. અને બીજો જે ભક્ત છે તે તો ત્રિગુણાત્મક વર્તે છે ને પરમેશ્વરને વિષે તો અતિશે પ્રીતિએ યુક્ત વર્તે છે, એ બે ભક્તમાં કયો ભક્ત શ્રેષ્ઠ છે ? પછી સંતમંડળે તો એમ કહ્યું જે, "ભગવાનને વિષે પ્રીતિવાળો શ્રેષ્ઠ છે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો નાહીધોઈને પવિત્ર થઈને ભગવાનની પૂજા કરે છે. અને એક તો મળમૂત્રનો ભર્યો થકો ભગવાનની પૂજા કરે છે. એ બેમાં કયો શ્રેષ્ઠ છે ?" ત્યારે મુનિમંડળે કહ્યું જે, "પવિત્ર થઈને ભગવાનની પૂજા કરે તે શ્રેષ્ઠ છે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે માયિક ઉપાધિને તજીને ભગવાનને ભજે છે તેને તો તમે ન્યૂન કહો છો ને જે માયિક ઉપાધિએ સહિત થકો પરમેશ્વરને વિષે પ્રીતિવાન છે તેને શ્રેષ્ઠ કહો છો, તે એ કેવી રીતે શ્રેષ્ઠ છે ?" પછી એ પ્રશ્નનું કોઈથી સમાધાન ન થયું પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ગીતામાં ચાર પ્રકારના ભક્ત કહ્યા છે તેમાં જ્ઞાનીને જ ભગવાને પોતાનો આત્મા કહ્યો છે, માટે જે માયિક ઉપાધિને તજીને બ્રહ્મરૂપ થઈને ભગવાનને ભજે તે ભક્ત શ્રેષ્ઠ છે, શા માટે જે, નિત્ય પ્રલય જે સુષુપ્તિ ને નિમિત્ત પ્રલય જે બ્રહ્માની સુષુપ્તિ ને પ્રાકૃત પ્રલય જે પ્રકૃતિનું કાર્ય સર્વે પ્રકૃતિને વિષે લીન થઈ જાય અને આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેમાં તો પ્રકૃતિ પર્યંત સર્વે બ્રહ્મના પ્રકાશને વિષે લીન થઈ જાય છે. અને નિત્ય પ્રલયમાં જીવની ઉપાધિ લીન થઈ જાય છે ને નિમિત્ત પ્રલયમાં ઈશ્વરની ઉપાધિ લીન થઈ જાય છે ને પ્રાકૃત પ્રલયમાં પુરુષની ઉપાધિ સર્વે લીન થઈ જાય છે, પણ જ્યારે સૃષ્ટિ સૃજાય છે ત્યારે એ ત્રણેને પોતપોતાની ઉપાધિ વળગે છે, અને આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી. અને જો કોઈક કાળે દેહ ધરે તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે પણ કાળ, ને માયા તેને આધીન થકો દેહને નથી ધરતો માટે બ્રહ્મરૂપ થઈને જે પરમેશ્વરને ભજે તે જ શ્રેષ્ઠ છે. અને આ વાર્તા છે તે જે પરમેશ્વરનો અનન્ય ભક્ત છે અને એકાંતિક ભક્તના લક્ષણે યુક્ત છે તેને જ સમજાય છે." **ઇતિ વચનામૃતમ્ ॥૨॥ ૨૨૨ ॥**

સંવત્ ૧૮૮૨ના ફાગણ વદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીઅમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિરને સન્મુખ ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને તે ઉપર વિરાજમાન હતા, ને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ વિરાજમાન હતી, ને તે પાઘને વિષે ગુલાબના ને ચમેલીના હાર વિરાજમાન હતા. તથા પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈ ને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સમગ્ર મુનિમંડળ પ્રત્યે પ્રશ્ન પુછ્યો જે, 'જીવ માત્ર છે તે પંચવિષયને આધારે જીવે છે. તે કાં તો બાહ્ય પંચવિષયને ભોગવતો હોય અને જ્યારે બાહ્ય પંચવિષયનો યોગ ન હોય ત્યારે અંતઃકરણમાં પંચવિષયનું ચિંતવન કર્યા કરે, પણ એ જીવ વિષયના ચિંતવન વિના ને વિષયને ભોગવ્યા વિના ક્ષણ માત્ર પણ રહી શક્તો નથી. અને જેમ વડનું વૃક્ષ છે, તેનાં જે મૂળ તે જ વડને લીલો રાખે છે. અને બીજાં સર્વે મૂળ ઉખડી ગયાં હોય ને જો એક વડવાઈ પૃથ્વીમાં ચોટી રહી હોય તો પણ એ વડનું વૃક્ષ લીલું રહે છે. તેમ ઉપર થકી કદાચિત્ પંચવિષયનો ત્યાગ કર્યો છે પણ અંતરમાં વિષયનું ચિંતવન થાય છે એ જ એને જન્મમરણનો હેતુ છે. એવા જે પંચવિષય તે પરમેશ્વરના ભક્તને કેવી રીતે જન્મમરણના હેતુ નથી ?" એ પ્રશ્ન છે. પછી એનો ઉત્તર જેમ સમજાયો તેમ મુક્તાનંદસ્વામીએ કર્યો પણ યથાર્થ સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે, માયામય એવાં જે ત્રણ શરીર તેની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે રહીને જે ભક્ત પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતો હોય, તેને ભગવાનના ચિંતવનના બળે કરીને જ્યારે ઉપશમ અવસ્થા વર્તે ત્યારે એ ભક્તને ઉપશમને બળે કરીને પંચવિષય જન્મમરણના હેતુ ન થાય. જેમ મહી જેવી કે સાબરમતી જેવી નદી બે કાંઠામાં વહેતી હોય ત્યારે હાથી, ઘોડા, વૃક્ષ સર્વે તણાઈ જાય પણ કોઈ ઠરી શકે નહિ. તેમ ઉપશમવાળાને પણ ગમે તેવા રમણીય ભોગ ઈન્દ્રિયોને ગોચર થયા હોય પણ જ્યારે અંતરસન્મુખ દૃષ્ટિ કરે ત્યારે જેવા પૂર્વજન્મને વિષે દેખ્યા હોય ને તે આ જન્મમાં વિસરી જાય છે, તેવી તેની વિસ્મૃતિ થઈ જાય છે. એવી રીતે જે ભક્તને વર્તતું હોય તે ઉપશમ કહેવાય. તે ઉપશમનો મહિમા અતિ મોટો છે. અને જેમ આ સંસારને વિષે અજ્ઞાની સ્ત્રીપુરુષ હોય ને તેને પરણાવ્યા મોર અતિશે પ્રીતિ વર્તતી હોય ને પછી તેને પરણાવીને ત્રણ રાત ને ત્રણ દિવસ સુધી ઉજાગરો ને પંથ કરાવ્યો હોય ને પછી એ બેને ભેળાં કર્યાં હોય તો નિદ્રાને માર્યે એકબીજાનાં રૂપનું કે સ્પર્શનું સુખ ભોગવવાને સમર્થ થાય નહિ. અને એકબીજાને આલિંગન કરી રહ્યાં હોય તોપણ જેમ કાષ્ટને સામસામાં બાંધી મુક્યાં હોય તેમ સુતાં હોય પણ પંચવિષયમાં એકે સુખ આવે નહિ. એ જો અજ્ઞાન કાળે સુષુપ્તિમાં ઉપશમને પામ્યાં છે તોપણ કોઈ જાતની વિષયની ખબર રહેતી નથી, તો જે જ્ઞાની છે ને પરમેશ્વરના સ્વરૂપને ધ્યાને કરીને ઉપશમ દશાને પામ્યો છે તેને પંચવિષય કેમ બાધ કરે ? ન જ કરે. માટે જે ઉપશમ દશાને પામ્યો

www.jayswaminarayan.org
www.bhujmandir.org

તેને પંચવિષય જન્મમરણના હેતુ થતા નથી.

પછી નિત્યાનંદસ્વામીએ પુછ્યું જે, "ઉપશમ દશા પામ્યાનો તમે કહ્યો જે આત્મારૂપે થઈને ભગવાનના ધ્યાન કરવારૂપ ઉપાય તે તો અતિ કઠણ છે. માટે એ વિના બીજો એનો સુગમ ઉપાય હોય તે કહો ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો ભગવાનનું અતિશે માહાત્મ્ય સમજતો હોય, અને બીજું ભગવાન ને ભગવાનના ભક્તની સેવાચાકરી, દર્શન કરવું તેમાં અતિશે વેગવાન શ્રદ્ધા વર્તતી હોય. એવો જે ભગવાનનો ભક્ત તેને એ ઉપશમ દશા આવે છે. પણ અમને એમ ભાસે છે જે, જે સેવક માની હશે તે તો કોઈને નહિ ગમતો હોય.' અને માની સેવક પાસે જે ટેલ ચાકરી કરાવવી તે તો જેમ કાળ પડે ત્યારે મોટા માણસ પણ કોદરા ખાઈને જીવે, તેમ માની સેવકને પાસે સેવાચાકરી કરાવવી તે પણ એવી છે. અને ધણીનો રાજીપો તો જેવો નિર્માની સેવક ઉપર હોય એવો માની ઉપર ન હોય, માટે ધણીનું ગમતું કરે તે જ સેવક સાચો."

પછી શુકમુનિએ પુછ્યું જે, "જેને વિવેક ને સમજણ ન હોય તે ધણીને કેમ રાજી કરે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મૂળજી બ્રહ્મચારી ને રતનજી એ અતિશે ક્યાં ડાહ્યા છે ? પણ કલ્યાણનો ખપ અતિશે છે, માટે ભગવાન જેમ રાજી થાય તેમ એમને કરતાં આવડે છે ખરૂં અને વળી આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા કેમ જે, અયોધ્યાવાસીએ તો અતિશે જ સત્સંગપરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે. માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી. અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે, માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જશે તે સારૂં એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પુછીને તે કામ કરવા દેવું પણ કોઈક એક જણાને કહ્યે કરવા દેવું નહિ. એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે." **ઇતિ વચનામૃતમ્ ॥૩॥ ૨૨૩ ॥**

સંવત્ ૧૮૮૨ના ફાગણ વદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીઅમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિરને સન્મુખ વેદિકા ઉપર ગાદીતકિયે યુક્ત જે ઢોલિયો તે ઉપર વિરાજમાન હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં,ને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ વિરાજમાન હતી અને પાઘને વિષે ગુલાબના તોરા ઝુકી રહ્યા હતા, અને શ્રવણ ઉપર ગુલાબના ગુચ્છ ખોસ્યા હતા, અને ગુલાબના બહુ હાર કંઠને વિષે વિરાજમાન હતા, ને બે બાંયે ગુલાબના બાજુબંધ બાંધ્યા હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ મુનિમંડળ તથા હરિભક્ત પ્રત્યે એમ બોલ્યા જે, "સર્વે સાંભળો એક વાત કરીએ છીએ જે, પ્રથમ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરવો તે ભગવાન કેવા છે તો પોતાની ઈચ્છાએ કરીને જીવના કલ્યાણને અર્થે જન્મ ધરે છે. ને જન્મને ધરતા થકા પણ અજન્મા છે, ને દેહને મુક્તા થકા પણ અજર અમર છે, ને નિરંજન છે, કેતાં માયાના અંજને કરીને રહિત છે, ને મૂર્તિમાન છે, અને સ્વયંપ્રકાશ છે, પરબ્રહ્મ છે, અક્ષરાતીત છે, અંતર્યામી છે, અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે, અને મનુષ્ય દેહને જે ધરવું ને મુકવું તે તો નટની પેઠે ઈન્દ્રજાળ સરખું છે. અને અનંતકોટિ અક્ષરાદિક મુક્તના નિયંતા છે, ને સર્વેના સ્વામી છે, એવા જે શ્રીપુરૂષોત્તમ નારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે શ્રીનરનારાયણ રૂપે પ્રગટ થઈને બદરીકાશ્રમને વિષે તપ કરે છે. અને વળી તે શ્રીનરનારાયણ તે પૃથ્વીને વિષે કોઈક કાર્યને અર્થે મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, રામ, કૃષ્ણાદિક જે દેહ તેને ગ્રહણ કરીને અને તે પોતાને દેહે કરીને અન્ય જીવના દેહાભિમાનનો ત્યાગ કરાવીને અને બ્રહ્મઅભિમાનને ગ્રહણ કરાવીને પોતાના દેહને અને અન્ય જીવના દેહને સમ દેખાડે છે. જેમ કાંટે કરીને કાંટાને કાઢીને બે કાંટાનો ત્યાગ કરે. તેમ ભગવાન પોતાના દેહનો અન્ય જીવના દેહને તુલ્યપણે ત્યાગ કરે છે. તે ભારતને વિષે આખ્યાન છે જે નૃસિંહજીને જ્યારે દેહત્યાગ કર્યાની ઈચ્છા થઈ ત્યારે અંતર્યામીરૂપે કરીને શિવના હૃદયને વિષે પ્રેરીને શિવ પાસે શરભનો દેહ ધરાવ્યો. અને તે શરભને ને નૃસિંહજીને યુદ્ધ થયું ને પછી નૃસિંહજીએ પોતાનો દેહ મુકી દીધો. એવી રીતે સ્વતંત્ર થકા પોતાની ઈચ્છાએ કરીને દેહને ગ્રહણ કરે છે ને દેહનો ત્યાગ કરે છે. તે જેમ ઋષભદેવનો દેહ દાવાનલને વિષે બળી ગયો, અને શ્રીકૃષ્ણભગવાનના પગમાં તીર લાગ્યો ને દેહનો ત્યાગ કર્યો, તે ચરિત્રને દેખીને જે નાસ્તિક મતિવાળા છે ને અભક્ત છે તેમની મતિ ભ્રમી જાય છે, અને પોતાની પેઠે ભગવાનને વિષે પણ જન્મ મૃત્યુનું આરોપણ કરે છે. અને તેમની મતિને વિષે એમ જણાય છે જે ભગવાન પણ કર્મે કરીને દેહને ધરે છે અને કર્મે કરીને દેહને મુકે છે. અને જ્યારે નૈષ્કર્મ્ય કર્મને કરશે ત્યારે કર્મ ખપીને મુક્ત થશે. અને જે આસ્તિક બુદ્ધિવાળા છે અને હરિભક્ત છે તે એમ જાણે છે જે નાસ્તિકની સમજણ છે તે ખોટી છે. ને ભગવાનનો દેહ તો નિત્ય છે, અને ભગવાનને વિષે જન્મ, બાલ્ય, યૌવન, વૃદ્ધપણું ને મૃત્યુ ઈત્યાદિક જે દેહના ભાવ તે તો ભગવાનની લીલા છે, અને કાળ ને માયા તે ભગવાનના દેહને વિષે ચેષ્ટા કરવાને અર્થે સમર્થ થતા નથી. અને ભગવાનના દેહને વિષે પરિણામપણું જણાય છે તે તો એ ભગવાનની યોગમાયાએ કરીને જણાય છે, અને તેને વિષે જે ભગવાનના ભક્ત છે, તે મોહ નથી પામતા ને જે અભકત છે તેની મતિ ભ્રમી જાય છે. જેમ નટનાં ચરિત્રને દેખીને જગતના જીવની મતિ ભ્રમી જાય છે. અને નટની વિદ્યાના જાણતલની મતિ નથી ભ્રમતી. તેમ પુરૂષોત્તમ એવા જે શ્રીનરનારાયણ તે અનેક દેહ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ધરીને નટની પેઠે ત્યાગ કરે છે ને એ શ્રીનરનારાયણ સર્વે અવતારના કારણ છે ને શ્રીનરનારાયણને વિષે જે મરણભાવ કલ્પે છે તેને અનેક દેહ ધરવા પડે છે. ને ચોરાશીના દુઃખનો ને યમપુરીના દુઃખનો તેને પાર આવતો નથી. અને જે શ્રીનરનારાયણને વિષે અજર અમરપણું સમજે છે તે કર્મ થકી અને ચોરાશી થકી મુકાઈ જાય છે. માટે આપણા ઉદ્ધવ સંપ્રદાયના સર્વે સત્સંગી સાધુ ભગવાનની મૂર્તિયું જે થઈ ગઈ ને હમણાં છે ને આગળ થશે તેને વિષે મરણભાવ કોઈ કલ્પશો માં. અને આ વાર્તા સૌ લખી લેજો.'' એમ કહીને શ્રીજીમહારાજ પોતાનું પ્રગટપણું જણાવતા હવા. ને તે વાર્તા સાંભળીને સર્વે તેવી જ રીતે શ્રીજીમહારાજનો નિશ્ચય કરતા હવા. **ઇતિ વચનામૃતમ્ ॥૪॥ ૨૨૪ ॥**

સંવત્ ૧૮૮૨ના ફાગણ વદી ૪ ચતુર્થીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીઅમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિર થકી ઉત્તરાદિ દિશે વેદિકાને વિષે ઢોલીયા ઉપર ગાદીતકીયાનું ઉઠીંગણ દઈને વિરાજમાન હતા, ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, અને કંઠને વિષે ગુલાબનો મોટો હાર વિરાજમાન હતો ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા, ને જમણા હસ્તને વિષે તુલસીની માળાને ફેરવતા હતા, અને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે કુબેરસિંહજી છડીદારે શ્રીજીમહારાજને પ્રશ્ન પુછ્યો જે, ''હે મહારાજ ! શ્રીપુરૂષોત્તમ ભગવાનનું અસાધારણ લક્ષણ તે શું છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અનેક જીવનાં પ્રાણ, નાડીનો સંકેલો કરીને જે તત્કાળ સમાધિ કરાવવી તે બીજાથી થાય નહિ, ને લક્ષાવધિ મનુષ્ય નિયમમાં રહ્યાં થકાં વશ વર્તે તે બીજા કોઈથી થાય નહિ, અને અક્ષરાદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થપણું તે પણ બીજામાં હોય નહિ એવી રીતે પુરૂષોત્તમ નારાયણનું અસાધારણ લક્ષણ છે.''

પછી વળી કુબેરસિંહજીએ બીજો પ્રશ્ન પુછ્યો જે ''હે મહારાજ ! બ્રહ્માંડ તો અસંખ્ય કોટિ છે, ને ભગવાનનો અવતાર તો આ બ્રહ્માંડમાં જંબુદ્વિપના ભરતખંડને વિષે છે, અને બીજા બ્રહ્માંડોમાં અસંખ્ય જીવ છે તે જીવનો ઉદ્ધાર ભગવાન શી રીતે કરતા હશે ? તે કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જે ભગવાન આ બ્રહ્માંડમાં વિરાજે છે તે જ ભગવાન સર્વેના સ્વામી છે ને અનંત કોટિ બ્રહ્માંડને વિષે અસંખ્ય જીવના કલ્યાણને અર્થે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે તે જ ભગવાન પોતે દેહ ધારણ કરે છે. તેને શરણે અસંખ્ય જીવ થાય છે, તેણે કરીને અક્ષરધામમાં શ્રી પુરૂષોત્તમના ચરણારવિંદને ઘણાક જીવ પામે છે એ ઉત્તર એનો છે.

અને વળી કુબેરસિંહે પુછ્યું જે, ''હે મહારાજ ! ભગવાનને જાણવા વાળા જે સત્સંગી તેને શું શું તજવું ને શું શું ગ્રહણ કરવું ? તે કહો.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ માયિક પદાર્થની આશા તે સર્વે પ્રકારે ત્યાગ કરવી ને ભગવાન સંબંધી આશાનું ગ્રહણ કરવું ને જો ધનને વિષે આશા હોય તો એમ આશા બાંધવી જે ભગવાનના ધામમાં સોનામહોરૂં તથા હીરા, રત્ન, માણેક આદિક અમુલ્ય પદાર્થ છે એ સર્વે ભગવાનને ભજશું તો પામશું એમ આશા બાંધવી, પણ માયિક પદાર્થની આશા ન બાંધવી અને જો સ્ત્રી સંબંધી કામના હોય તો એમ વિચાર કરે જે પરસ્ત્રી સામી ખોટી નજર કરશું તો નરક ચોરાશીમાં જાવું પડશે ને ત્યાં મહાદુઃખ થશે, ને વિષય તો કુતરાં ગધેડાં પણ ભોગવે છે અને મને તો પ્રગટ પુરૂષોત્તમ મળ્યા છે તે કુરાજી થશે તો મોટી ખોટ આવશે એમ જાણીને કામવાસનાનો ત્યાગ કરવો અને ભગવાન સંબંધી સુખનું ગ્રહણ કરવું ને દેહના સંબંધીમાં પ્રીતિ હોય તો તેનો ત્યાગ કરવો ને ભગવાનના દાસ જે સંત તે સંઘાથે પ્રીતિ કરવી, એ ગ્રહણ કરવું ને દેહને વિષે અહંબુદ્ધિ હોય તો તેનો ત્યાગ કરીને ભગવાનના દાસપણાની બુદ્ધિનું ગ્રહણ કરવું. ને ભગવાન અથવા સાધુ તે પોતાને કોઈક રીતે કચવાયા હોય ને તિરસ્કાર કર્યો હોય તેણે કરીને ભગવાનનો તથા સંતનો પોતાને અવગુણ આવ્યો હોય તો તેનો મનમાંથી ત્યાગ કરવો ને પોતાની ભુલ જાણવી, ને ભગવાન ને સંતોનો ગુણ ગ્રહણ કરવો. એવી રીતે સવળું વિચારવું પણ અવળું તો કોઈ દિવસ વિચારવું જ નહિ એવી રીતે એ પ્રશ્નનો ઉતર છે.''

અને વળી કુબેરસિંહે પ્રશ્ન પુછ્યો જે, ''હે મહારાજ ! ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારેનું રૂપ કહો,'' પછી શ્રીજી મહારાજ મંદમંદ હસીને એમ બોલ્યા જે, ''અર્થનું રૂપ તો એ છે જેણે કરીને ધન ભેળું કરવું અથવા મોક્ષ સંબંધી પોતાનો અર્થ સાધવો એ પણ અર્થનું રૂપ છે. અને ધર્મનું રૂપ તો એ જે તે ધન ધર્મને અર્થે સત્સંગમાં જ વાવરે પણ કુમાર્ગે ક્યાંઈ ન વાવરે એ ધર્મનું રૂપ છે. અને કામનું રૂપ તો એ છે જે એક પરણેલ સ્ત્રી રાખે અને તેનો પણ ઋતુ કાળે સંગ કરે અને બીજી સ્ત્રીયું જગતમાં છે તેને મા બેન દીકરી તુલ્ય જાણીને ત્યાગ રાખે એ કામનું રૂપ છે. અને મોક્ષનું રૂપ તો એ જે સત્સંગ સંબંધી જે સર્વે વર્તમાન તેને ખબડદાર થઈને રાખે ને ભગવાનનો અચળ નિશ્ચય રાખે એ મોક્ષનું રૂપ છે. એ ચારેનો ઉત્તર છે.''એમ કહીને પછી શ્રીજી મહારાજ પોઢી જાતા હવા.

**ઇતિ વચનામૃતમ્ ॥૫॥ ૨૨૫ ॥**

સંવત્ ૧૮૮૨ના ફાગણ વદી ૬ છઠને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રીઅમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિરની સન્મુખ વેદિકા ઉપર ગાદીતકિયે યુક્ત જે ઢોલિયો તે ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને કોટને વિષે ગુલાબના હાર પહેર્યા હતા, ને પાઘને વિષે બેઉકોરે ચમેલીના પુષ્પના તોરા ઝુકી રહ્યા હતા, ને બેઉ કાન ઉપર ગુલાબના ગુચ્છ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

વિરાજમાન હતા, ને ગુલાબનો મોટો ગુચ્છ હસ્તકમળમાં લઈને મુખારવિંદ ઉપર ફેરવતા હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી સંધ્યા આરતી થઈ રહી તે કેડે કુબેરસિંહે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પુછ્યો જે, "હે મહારાજ ! જે પુરૂષને ભગવાનનો નિશ્ચય પોતાના હૃદયમાં યથાર્થ થયો હોય તે નિશ્ચય ક્યારેય ન ડગે તે ઉપાય કહો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ વાત તો સૌને સાંભળવા યોગ્ય છે, તે માટે સર્વે સાવધાન થઈને સાંભળો જે, પ્રત્યક્ષ એવા જે ભગવાન તેનું આવી રીતે માહાત્મ્ય જાણે તો નિશ્ચય ડગે નહિ. તે માહાત્મ્ય કહીએ છીએ જે, આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તેજ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે, ને પોતે તો અવતારી છે ને એ જ સર્વેના અંતર્યામી છે. એ જ અક્ષરધામને વિષે તેજોમય છે, ને સદા સાકારરૂપ છે, ને અનંત ઐશ્વર્ય યુક્ત છે, ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે, તે ભગવાન જ્યારે પ્રગટ થઈને ઋષભદેવની ક્રિયાને ગ્રહણ કરે ત્યારે જાણીયે જે ઋષભદેવ છે, ને જ્યારે રામાવતારનું ચરિત્ર કરે ત્યારે જાણીએ જે રામચંદ્રજી છે, ને જ્યારે શ્રીકૃષ્ણની લીલા આચરે ત્યારે જાણીએ જે શ્રીકૃષ્ણ છે એજ પ્રકારે જે જે અવતારની ક્રિયા જાણ્યામાં આવે ત્યારે એમ સમજવું જે મહોરે ભગવાનના જેટલા અવતાર થયા છે તે સર્વે આમાંથી થયા છે, ને એજ ભગવાન સર્વે અવતારના કારણ છે એમ સમજે તો તેનો નિશ્ચય ડગે નહિ ને એમ ન સમજે તો કાંઈક ડગમગાટ થાય ખરો. એનો એ ઉત્તર છે. ને તેજ શ્રીકૃષ્ણભગવાન પોતે શ્રીનરનારાયણ રૂપે કરીને ધર્મ થકી ભકિતને વિષે પ્રગટ થયા છે. તે માટે આ શ્રીનરનારાયણને અમે અમારૂં રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રીનરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ. ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે." એવી રીતનાં શ્રીજીમહારાજનાં વચન સાંભળીને વળી કુબેરસિંહે પુછ્યું જે, "હે મહારાજ ! તે બ્રહ્મપુર કેવું છે તેનું રૂપ કહો ને તેને વિષે જે ભગવાનના ભક્ત છે તેનું રૂપ કહો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અક્ષર રૂપ જે બ્રહ્મ છે તે જ શ્રીપુરૂષોત્તમનારાયણને રહેવા સારૂં ધામરૂપ થયું છે ને સર્વ અક્ષર બ્રહ્મ થકી ભગવાનના ધામરૂપ જે અક્ષર બ્રહ્મ તે અનાદિ છે ને તે બ્રહ્મધામને વિષે બહુ પ્રકારના મહોલ છે. તે મહોલને વિષે બહુપ્રકારના ગોખ છે ને બહુ પ્રકારના ઝરૂખા છે, ને બહુ પ્રકારની તેને અગાસીયું છે, તેને વિષે બહુ ચિત્ર વિચિત્રપણું છે, ને બહુ પ્રકારના ફુંવારા છે. ને બહુ પ્રકારના બાગબગીચા છે, ને તેમાં ફુલ પણ અનંત જાતનાં છે, ને તેજોમય છે. ને અનંત છે, ને એને કોઈ ધામની ઉપમા ન દેવાય તેવું છે. અને ગોલોક પણ એને કહીએ ને અનંત અન્યધામની વિભૂતિયું તે થકી અસંખ્ય કોટિજાતની શોભાનું અધિકપણું છે ને અપાર છે. ત્યાં દ્દષ્ટાંત છે જેમ આકાશ છે તેની ચારે કોરે જોઈએ તે કોઈ દિશામાં અંત આવતો નથી. તેમ એ ભગવાનના ધામનો હેઠે ઉપર ને ચારેકોર અંત નથી કેમજે એ અપાર છે. તેનો જો પાર લેવા માંડે તો પાર આવે નહિ એવું મોટું બ્રહ્મપુર છે. તે બ્રહ્મપુરને વિષે જે પદાર્થ છે તે સર્વે દિવ્ય ચૈતન્યમય છે, ને તે ધામને વિષે અસંખ્ય પાર્ષદ રહ્યા છે. તે કેવા છે તો દિવ્ય આકાર સહિત ને તેજોમય છે, ને સર્વભૂત પ્રાણી માત્રના અંતર્યામી છે. તે સર્વે ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહ્યા છે. ને તેજ ધામના જે પતિ અને અક્ષરાદિક મુક્તના સ્વામી ને પરબ્રહ્મ પુરૂષોત્તમ જે છે તેજ આ સત્સંગને વિષે વિરાજમાન છે. આવો જેનો નિશ્ચય છે, તે જ બ્રહ્મધામને પામે છે." **ઇતિ વચનામૃતમ્ ॥૬॥ ૨૨૬ ॥**

સંવત્ ૧૮૮૨ના ફાગણ વદી ૭ સપ્તમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિરને વિષે દરવાજાના મેડા ઉપર વાસુદેવમાહાત્મ્ય વંચાવતા હતા. પછી ઉઠીને દરવાજા પાસે લીંબડાના વૃક્ષ તળે ઢોલિયા ઉપર સંધ્યા સમે વિરાજમાન થયા હતા. અને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ બાંધી હતી, તેમાં ગુલાબના તોરા ખોસ્યા હતા, ને ગુલાબના હાર પહેરીને ગરકાવ થયા હતા. ને શ્વેત પછેડી ઓઢી હતી, ને શ્વેત સુરવાળ પહેર્યો હતો, ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે પ્રાગજી દવે શ્રીજીમહારાજને પ્રશ્ન પુછ્યો જે, "હે મહારાજ ! તમારે વિષે કીયે પ્રકારે મન સ્થિર થાય ને વ્યભિચારને કોઈ કાળે ન પામે તે કહો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારા પ્રશ્નનો ઉત્તર કરીએ તેને તમે સાંભળો" એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભગવાનનું માહાત્મ્ય જાણવા થકી ભગવાનને વિષે મન સ્થિર થાય છે તે માહાત્મ્ય જાણવાની રીત કહીએ છીએ જે, પ્રથમ અમે પીપલાણામાં લાધા બ્રાહ્મણને ઘેર રામાનંદ સ્વામીને એમ પુછ્યું હતું જે, તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક છો ? ત્યારે રામાનંદ સ્વામી તો બોલ્યા જ નહિ. ને ત્યારપછી અગણોત્તરા કાળમાં અમે માંદા થયા હતા ત્યારે અમે ક્ષીરસાગરને વિષે શેષશય્યાને વિષે શેષશાયી નારાયણ સુતા છે ત્યાં ગયા. ત્યારે ત્યાં અમે રામાનંદ સ્વામીને જોયા. તે ધોળી ધોતી પહેરી હતી ને પછેડી ઓઢી હતી. એવા બીજા પણ ઘણાક શેષશાયી નારાયણના ચરણારવિંદને સમીપે બેઠા હતા તે અમે જોયા. ત્યારે અમે નારાયણને પુછ્યું જે, આ રામાનંદ સ્વામી તે કોણ છે ? પછી નારાયણે કહ્યું જે, એ તો બ્રહ્મવેત્તા છે. એમ નારાયણને બોલતે સતે રામાનંદ સ્વામી તો તે નારાયણના શરીરને વિષે લીન થયા. ને ત્યાર પછી અમે દેહને વિષે આવ્યા, ને તે પછી અમે અંતર્દષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો. તે જોતાં જોતાં નંદીશ્વર પોઠીયો આવ્યો તે ઉપર બેસીને કૈલાસમાં શિવજી પાસે ગયા. ને ત્યાં

www.jayswaminarayan.org www.bhujmandir.org

ગરૂડ આવ્યો તે ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મધામને વિષે જાતા હવા. ત્યાં ગરૂડ પણ ઉડી શક્યો નહિ એટલે અમે એકલા જ તે સર્વ થકી પર એવું જે શ્રી પુરૂષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરૂષોત્તમ છું, મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા અને પછી અમે દેહને વિષે આવ્યા, ને ફેર અંતર સામું જોયું ત્યારે એમ જણાણું જે સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય, તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડુંના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ, એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું તો મારા પગને અંગુઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન સ્થિર થાય, ને કોઈ કાળે વ્યભિચારને પામે નહિ, ને જે જે જીવ મારે શરણે આવ્યા છે ને એમ સમજશે તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારૂં ધામ છે તેને પમાડીશ, અને તે સર્વેને અંતર્યામી જેવા કરીશ, ને બ્રહ્માંડુંની ઉત્પત્યાદિકને કરે એવા સમર્થ કરીશ, પણ પછી સામર્થી પામીને એમ જાણે જે હું જ મોટો છું, એમ જાણીને ઋષિરૂપ એવા જે પ્રત્યક્ષ શ્રીનરનારાયણ તેને ગણવા જ નહિ એવો અહંકાર આવવા દેવો નહિ, ને એમ જાણવું જે શ્રીનરનારાયણની કરૂણાએ કરીને હું મોટપ પામ્યો છું.'' એમ શ્રીજીમહારાજે એ પ્રશ્નનો ઉત્તર કર્યો. **ઇતિ વચનામૃતમ્ ॥૭॥ ૨૨૭ ॥**

સંવત્ ૧૮૮૨ના ફાગણ વદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિરથી ઉત્તર દિશે ધર્મશાળાને વિષે સાધુને જમાડતા હતા, ને સુંદર શ્વેત રૂમાલ મસ્તક ઉપર બાંધ્યો હતો, ને શ્વેત ખેસ પહેર્યો હતો, ને ડાબા ખભા ઉપર ખેસ નાખીને કેડ બાંધી હતી, ને કંઠને વિષે ગુલાબનો મોટો હાર વિરાજમાન હતો.

ને પછી પંક્તિમાં લાડુ ફેરવતાં ફેરવતાં શ્રીજીમહારાજે સર્વે સાધુને એમ વાર્તા કરી જે, સાધુને સર્વે પ્રકારે ક્રોધ જીતવો. તે ક્રોધ કેવો છે તો જપ, તપ, જ્ઞાન એ આદિક સર્વે શુભગુણને નાશ કરે એવો છે, ને હવે જે નિમિત્ત ક્રોધ ઉપજે છે તે નિમિત્તને કહીએ છીએ જે સાધુને માહોમાંહી પ્રશ્ન ઉત્તર કરતાં ક્રોધ ઉપજે, તથા વાદવિવાદ કરતાં ક્રોધ ઉપજે, તથા કોઇ પદાર્થ લેવા દેવામાં ક્રોધ ઉપજે, તથા કોઈકને શિક્ષા કરતા હોઈએ ને ક્રોધ ઉપજે, તથા પોતાની શુશ્રુષાને વિષે રહેતો હોય જે સાધુ તેને પક્ષપાતે કરીને ક્રોધ ઉપજે, તથા અપમાને કરીને ક્રોધ ઉપજે, તથા ઈર્ષ્યાએ કરીને ક્રોધ ઉપજે, તથા આસન કરવાને વિષે ક્રોધ ઉપજે, તથા ભગવાનની પ્રસાદી વહેંચવાને વિષે ન્યૂનાધિકપણું કરે ને ક્રોધ ઉપજે, એ પ્રકારે ક્રોધ ઉપજ્યાનાં નિમિત્ત ઘણાંક છે. માટે તે ક્રોધ જો મોટા સાધુને ઉપજે અથવા નાના સાધુને ઉપજે, તો જેની ઉપર ક્રોધ ઉપજે તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવો, અને ગદ્ગદ્ હૃદયે થઈને દીનતાએ કરીને નિષ્કપટપણે કરીને રૂડાંરૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો એમ અમારી આજ્ઞા છે. અને જો કોઈક સાધુ ઉપર દ્રોહ બુદ્ધિનો સંકલ્પ થાય તો નિષ્કપટ થઈને પોતાને મુખે તે સંકલ્પ કહેવો જે, હે મહારાજ ! આ રીતનો ભૂંડો સંકલ્પ તમારી ઉપર થયો ને તે સંકલ્પનો જે દોષ તેની નિવૃત્તિને અર્થે હાથ જોડીને તેની પ્રાર્થના કરવી. અને જો સાધુને ગૃહસ્થ હરિભક્ત ઉપર ક્રોધ ઉપજે તો તે સાધુ ગૃહસ્થની વચને કરીને પ્રાર્થના કરે અને બેઠે થકે નમસ્કાર કરે પણ સાષ્ટાંગ દંડવત્ ન કરે અને જે સાંખ્યયોગી બાઈયો છે તેમને પણ જો પરસ્પર ક્રોધ ઉપજે, તથા કર્મયોગી સ્ત્રીયુંને વિષે ક્રોધ ઉપજે તો વચને કરીને પ્રાર્થના કરવી ને બેઠે થકે નમસ્કાર કરવો. અને સાંખ્યયોગી પુરૂષ તથા સાધુ તેમની તો એકજ રીત છે. અને જેની ઉપર ક્રોધ ઉપજે તેને આપણા સ્વામી જે શ્રીનરનારાયણ તેનો ભક્ત જાણીને તત્કાળ માન મુકીને નમસ્કાર કરવો ને પ્રાર્થના કરવી પણ દેહ દષ્ટિ ન રાખવી જે હું મોટો છું ને ઉત્તમ છું. ને આતો મોટો નથી ને નાનો છે, એવી રીતે દેહદ્રષ્ટિ ન કરવી, ને આપણા ઈષ્ટદેવ જે શ્રીનરનારાયણ તે પણ ક્રોધ તથા માન નથી રાખતા, માટે તે શ્રીનરનારાયણના આશ્રિત એવા જે ઉદ્ધવ સંપ્રદાયના આપણ સર્વે તેમણે ક્રોધ તથા માન તેનો સર્વપ્રકારે ત્યાગ કરવો અને આ જે અમે ક્રોધનું પ્રાયશ્ચિત કહ્યું છે તેને જે કરશે તેને ઉપર શ્રીનરનારાયણ પ્રસન્ન થશે, ને તેનું અંતઃકરણ શુદ્ધ થશે ને તેના કામ, ક્રોધ, માન, લોભ, મદ, મત્સર તે સર્વે નાશ પામી જશે, અને ક્રોધ ઉપજ્યો ને જે આ પ્રાયશ્ચિત નહિ કરે તેને સર્પ તુલ્ય જાણવો પણ તેને ભગવાનનો ભક્ત જાણવો નહિ.'' એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા કરી તેને સાંભળીને સાધુ તથા સર્વ હરિભક્ત પુરૂષ ને સ્ત્રીઓ પરમ આનંદ પામતાં હવાં.'' **ઇતિ વચનામૃતમ્ ॥૮॥ ૨૨૮ ॥**

# શ્રીઅમદાવાદ વચનામૃતં સમાપ્તમ્

www.jayswaminarayan.org
www.bhujmandir.org